PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/ક્વા–૦૨/૧૬–૧૭/ ૮૭૩૬ તા. 25/06/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
રાજેન્દ્રભાઈ ભુદરભાઈ ભુત,
–રામેશ્વર – સંતકબીર રોડ,
સદગુરૂ રણછોડનગર સોસાયટી–૧,
શેરી નં.–૦૨,
કાન્તા ગેસ સર્વિસ સામેની શેરીમા,,
રાજકોટ
મો: ૯૪૨૮૨ ૭૫૭૪૨

વિષય :–સીગલ ફેઇઝ જોડાણ માથી થ્રી ફેઇઝ વીજજોડાણ કરાવવા બાબત
સંદર્ભ:-- આપની અરજી , તા. ૦૧–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૬/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No: 02 [E]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૬/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૩–૦૯–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ રાજેન્દ્રભાઈ ભુદરભાઈ ભુત,ગામઃ રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી રાજેન્દ્રભાઈ ભુદરભાઈ ભુત હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એલ.કે.પરમાર, નાયબ ઈજનેર (ટેક) શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : સીગલ ફેઇઝ જોડાણ માથી થ્રી ફેઇઝ વીજજોડાણ કરાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૦૭૫૬/૦૫૪૨૯/૦, જે – ગામઃ નવાગામ – ખાતે નુ સીગલ ફેઇઝ જોડાણ છે, તેમા વધારાનો વીજભાર મેળવી અને જોડાણ ને થ્રી ફેઇઝ જોડાણ કરવાનુ છે. પરંતુ, માધાપર પેટા વિભાગીય કચેરી તરફથી, તેમના વર્ષો જુના આ રહેઠાણ, જે ખરેખર ગામતળ મા આવતુ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી તેઓને આ જોડાણ ને થ્રી ફેઇઝ મા તબદીલ કરવાની કાર્યવાહી કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી નુ વાણીજય વીજજોડાણ નં.: ૩૦૭૫૬/૦૫૪૨૯/૦ (એનઆરજીપી), જે – ગામઃ નવાગામ – વિસ્તાર મા આવેલ મહેતા ફાર્મ હાઉસ ની બાજુના મફતીયા પરા વિસ્તાર મા – સીગલ ફેઇઝ જોડાણ આવેલ છે. અરજદારે આ સીગલ ફેઇઝ એનઆરજીપી જોડાણ મા, વીજભાર વધારા સાથે, જોડાણ ને કુલ ૭ કીવો વીજભાર નુ, થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીયલ ( રોલ પાલીસ ના હેતુ માટે નુ ) વીજજોડાણ કરવા માટે ની, માધાપર પેટા વિભાગીય કચેરી મા તા.૨૮–૦૬–૧૬ ના રોજ અરજી આપેલ છે. અરજી સાથે રજુ કરવામા આવેલ દસ્તાવેજીક પેપર્સ ની ચકાસણી કરતા, માંગણી મુજબ ની જગ્યા ની, ગ્રાહક ની કાયદેસર ની માલીકી / ભોગવટો ધરાવતા દસ્તાવેજીક પેપર્સ રજુ કરવાને બદલે, અરજદારે સરકાર શ્રી ની માલીકી ની ( મફતીયા પરા) જમીન સબંધક એવો, ગામઃ આણંદપર ની પંચાયત નો દાખલા નં. ૪૪૮, તા.૩૦–૧૦––૧૨ થી રજુ કરેલ છે. આમ, માંગણી મુજબ ની જગ્યા ની, ગ્રાહક શ્રી ની માલીકી / કાયદેસર નો ભોગવટો પ્રસ્થાપિત થતો ન હોય, અરજદાર શ્રી ની, તેમના હૈયાત વાણીજય વીજજોડાણ નં.: ૩૦૭૫૬/૦૫૪૨૯/૦ (એનઆરજીપી), ને ૭ કીવો વીજભાર નુ, થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીયલ ( રોલ પાલીસ ના હેતુ માટે નુ ) વીજજોડાણ કરવા બાબતે ની, અરજી પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી ગ્રાહય રહેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, અને ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| 3.1 | ફરીયાદી અરજદાર શ્રી એ તેમના હૈયાત સીગલ ફેઈઝ વાણીજય વીજજોડાણ નં.: ૩૦૭૫૬/૦૫૪૨૯/૦ (એનઆરજીપી), ને, વીજભાર વધારા સાથે, જોડાણ ને કુલ ૭ કીવો વીજભાર નુ, થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીયલ ( રોલ પાલીસ ના હેતુ માટે નુ ) વીજજોડાણ કરવા માટે ની, માધાપર પેટા વિભાગીય કચેરી મા તા.૨૮–૦૬–૧૬ ના રોજ અરજી આપેલ છે.'' હૈયાત જોડાણ ની કેટેગરી '' મા ફેરફાર કરતા સમયે , એટલેકે '' સીગલ ફેઈઝ વાણીજય કેટેગરી માથી, થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીયલ કેટેગરી મા, હૈયાત વીજજોડાણ મા તબદીલ કરતા સમયે '' પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૭૭ મા કરાયેલ જોગવાઈ મુજબ, મુળ ગ્રાહકે, આ મુજબ ની વિગતો દર્શાવતી, વિધીસર ની અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે, ખાસ કરીને – '' માંગણી મુજબ ની જગ્યા ની ગ્રાહક ની મુળ માલીકી / માંગણી મુજબ ની જગ્યાનો, ગ્રાહક નો કાયદાકીય ભોગવટો '' ધરાવતા, કાયદેસર ના દસ્તાવેજીક પેપર્સ, અને તેને આનુષાંગીક અન્ય પેપર્સ – ગ્રાહકે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, વિધીસર ની અરજી સાથે રજુ કરવાના હોય છે. ફરીયાદી અરજદાર શ્રી એ, સદર પ્રકાર ના દસ્તાવેજીક પેપર્સ તેઓ શ્રી ની તા.૨૮–૦૬–૧૬ ની અરજી સાથે રજુ કરેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી અરજદાર શ્રીની સદર અરજી ગ્રાહય રહેલ નથી. આ બાબત, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ના પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન પ્રણાલી અન્વયે યોગ્ય છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, '' હૈયાત જોડાણ ની કેટેગરી '' મા ફેરફાર કરતા સમયે , એટલેકે '' સીગલ ફેઈઝ વાણીજય કેટેગરી માથી, થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીયલ કેટેગરી મા, હૈયાત વીજજોડાણ મા તબદીલ કરતા સમયે '' પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૭૭ મા કરાયેલ જોગવાઈ મુજબ, મુળ ગ્રાહકે, આ મુજબ ની વિગતો દર્શાવતી વિધીસર ની નિયત અરજી ફોર્મ સાથે, ખાસ કરીને – '' માંગણી મુજબ ની જગ્યા ની ગ્રાહક ની મુળ માલીકી / માંગણી મુજબ ની જગ્યાનો, ગ્રાહક નો કાયદાકીય ભોગવટો '' ધરાવતા, કાયદેસર ના દસ્તાવેજીક પેપર્સ, અને તેને આનુષાંગીક અન્ય પેપર્સ – ગ્રાહકે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, વિધીસર ની અરજી સાથે રજુ કરવાના હોય છે. ફરીયાદી અરજદાર શ્રી એ, સદર પ્રકાર ના દસ્તાવેજીક પેપર્સ તેઓ શ્રી ની તા.૨૮–૦૬–૧૬ ની સવાલવાળી અરજી સાથે, પીજીવીસીએલ મા રજુ કરેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી અરજદાર શ્રી ની સદર, '' તેમના હૈયાત સીગલ ફેઈઝ વાણીજય જોડાણ ને– થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીયલ વીજજોડાણ મા'' તબદીલ કરવા સબબ ની, સવાલવાળી અરજી ગ્રાહય રહેલ નથી. આ બાબત, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ના માર્ગદર્શન મુજબ ની હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન પ્રણાલી અન્વયે યોગ્ય છે. આવા નિયમાધીન કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી ગ્રાહય રહેલ નથી. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..